# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૨૯ હજાર કેસ

## કુલ કોરોનાના કેસ ૮.૮૭ લાખને પાર, મૃત્યુઆંક ૨૩,૧૭૪એ પહોંચ્યો : અત્યાર સુધી ૫.૫ લાખથી વધુ દર્દીઓ સ્વસ્થ થયા, રિકવરી રેટ ૬૩.૦૧ ટકા સુધી પહોંચ્યો, મહારાષ્ટ્રમાંસૌથી વધુ ૭૮૧૭ કેસ ૨૪ કલાકમાં આવ્યા, તમિલનાડુમાં સૌથી વધુ ૩૬૧૭ દર્દીઓ સાજા થયા

ન્યુ દિલ્હી,તા.૧૩
સમગ્ર દેશમાં કોરોના વાઈરસે માઝા મૂકી હોય તેમ દિવસેને દિવસે તેમાં વધારો થઈ રહ્યો હોય તેમ અનલોક-૨ના૧૨મા દિવસે ગઈકાલે રવિવારે સૌથી વધુ ૨૯ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હતા. તેની સાથે કુલ આંકડો ૮.૭૮ લાખ પર પહોંચી ગયો છે અને ગણતરીના કલાકોમાં આ આંકડો ૯ લાખ પર પહોંચી શકે તેમ છે. આજે સોમવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા વેબસાઈટ જાહેર કરાયા મુજબ ૨૯,૧૦૫ કેસો નવા નોંધાયા હતા અને આ જ ગાળામાં વધુ ૫૦૦ લોકોના મોત થયા હતા. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૮૨૭ નવા કેસ બહાર આવ્યાં હતા અને મોતની સંખ્યા ૧૭૩ થઈ છે. કેસો વધતાં કેટલાક રાજ્યોમાં સંક્રમણને રોકવા આંશિક લોકડાઉન લાદવાની ફરજ પડી છે. જ્યારે મહારાષ્ટ્ર વિધાનસભાના ૧૮ કર્મચારીઓ પોઝિટિવ મળ્યા છે. આ સાથે જ ભારત દુનિયાભરમાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૨૯ હજાર ૧૦૫ કોરોના પોઝિટિવ કેસ મળ્યા છે. તો ૧૮ હજાર ૧૩૯ દર્દીઓ સાજા થયા છે. ૨૪ કલાકમાં ૫૦૦ સંક્રમિતોના મોત થયા છે. રવિવારે સૌથી વધુ ૭૮૨૭ પોઝિટિવ કેસ મહારાષ્ટ્રમાં વધ્યા હતા. ૪૨૪૪ કેસની સાથે બીજા નંબર પર તમિલનાડુ છે. જ્યાં સૌથી વધુ ૩૬૧૭ દર્દી સાજા પણ થયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૮૨૭ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે અને મોતની સંખ્યા ૧૭૩ થઈ છે. દેશમાં અનલોક-૨માં અપાયેલી વધારે છૂટછાટના પગલે કોરોનાવાઈરસનું સંક્રમણ દાવાનળની જેમ ઝડપથી વધી રહ્યું છે. કુલ કેસોની સંખ્યા ૮ લાખ ૭૮ હજાર થઈ ગઈ છે. આજે તે ૯ લાખને પાર જાય તેવી શકયતા છે. જો કે, ૫.૫ લાખથી વધુ દર્દીઓ અત્યારસુધીમાં સાજા પણ થઈ ચૂક્યા છે. ૩ લાખ ૧ હજારથી વધુ લોકોની હોસ્પિટલ, હોમ આઈસોલેશન કે કોવિડ કેર સેન્ટરમાં સારવાર ચાલી રહી છે.

ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૦૧ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૮૫૦ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૫,૫૩૪૭૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૩૧૭૪ સુધી પહોંચી ગઈ છે

# રાજ્યમાં કોરોનાનો હાહાકાર, નવા ૯૦૨ કેસ

## રાજ્યમાં એક્ટીવ કેસોનો આંકડો ૧૧ હજાર નજીક : રાજ્યમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪૨ હજારને પાર : રાજ્યમાં ૧૦ના મૃત્યુ કુલ મૃત્યુઆંક ૨૦૫૭ : ૨૯૮૦૬ લોકો ડિસ્ચાર્જ થયા

ગાંધીનગર,તા.૧૩
રાજ્યમાં પ્રથમવાર ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના કેસ ૯૦૦ ને પાર થયો.રાજ્યમાં આજે માત્ર ૫૬૧૯ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૯૦૨ પોઝિટિવ કેસ નોંધાયા હતાં.આ સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪૨ હજારને પાર થઈ ૪૨૮૦૮ થયો છે.રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૦ વ્યક્તિના મોત નોંધાતા કુલ મૃત્યુ આંક ૨૦૫૭ થયો છે.રાજ્યમાં આજે ૬૦૮ વ્યક્તિઓને ડિસ્ચાર્જ કરવામાં આવતા અત્યાર સુધીમાં ૨૯૮૦૬ વ્યક્તિઓ ડિસ્ચાર્જ થઈ છે.રાજ્યમાં આજે પોઝિટિવ કેસમાં વિક્રમી ઊછાળો નોંધાતા એક્ટીવ કેસ ૧૦૯૪૫ થયા છે. જેમાં ૭૪ દર્દી વેન્ટિલેટર પર અને ૧૦૮૭૧ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં સતત ચાર દિવસ ૮૦૦ ને પાર કેસ નોંધાયા બાદ આજે પાંચમા દિવસે કેસમાં ઝડપી ઉછાળો થતા ૯૦૦ ઉપર કેસ કોરોનાના નોંધાતા આરોગ્ય વિભાગ દોડતુ થઈ ગયું છે. રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૦ મોત નોંધાયા છે. જેમાં સુરત કોર્પોરેશનમાં ૫, અમદાવાદ કોર્પોરેશનમાં ૩, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ અને મોરબીમાં ૧ નોંધાયો છે. અમદાવાદ શહેરમાં ૧૫૨ અને ગ્રામ્યમાં ૧૨ કેસ સાથે કોરોના પોઝિટિવના ૧૬૪ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૩૨૫૯ થયો છે. આજે વધુ ૩ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૫૨૨ થયો છે. જ્યારે સુરત શહેરમાં ૨૦૭ અને ગ્રામ્યમાં ૮૦ કેસ સાથે કુલ ૨૮૭ કોરોના પોઝિટિવના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૮ હજારને વટાવી ૮૧૧૫ થયો છે. આજે વધુ ૫ મોત નોંધાતા સુરતમાં કોરોનાને લીધે કુલ મૃત્યુઆંક ૨૧૯ થયો છે. રાજ્યમાં આજે વડોદરા કોર્પોરેશનમાં ૬૧ અને જિલ્લામાં ૧૩ સાથે ૭૪ કોરોનાના દર્દીનો ઉમેરો થયો હતો. છેલ્લા ૩ દિવસથી વડોદરામાં કોરોનાના દર્દી ૭૦ પર નોંધાયા છે.

આ સાથે વડોદરામાં કુલ સંક્રમિતનો આંકડો ૩૧૨૬ થયો છે. ગાંધીનગર કોર્પોરેશનમાં ૯ અને જિલ્લામાં ૧૬ સાથે ૨૫ કોરોનાના દર્દી ઉમેરાયા હતા. ગાંધીનગરમાં કુલ સંક્રમિતનો આંકડો ૯૧૮ થયો છે. આજે વધુ ૧ મોત સાથે મૃત્યુઆંક ૩૫ થયો છે. રાજ્યમાં જુદા જુદા વિસ્તારમાં આજની તારીખે ૩૩૨૨૬૮ વ્યક્તિઓ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૩૨૯૬૯૦ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૨૫૭૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૩૨૫૯ | ૧૫૨૩ | ૧૮૦૪૭ |
| સુરત | ૮૧૧૫ | ૨૨૫ | ૪૯૬૭ |
| વડોદરા | ૩૧૨૬ | ૫૧ | ૨૨૫૦ |
| રાજકોટ | ૬૮૯ | ૧૭ | ૧૮૧ |
| ભાવનગર | ૬૪૨ | ૧૩ | ૨૨૩ |
| ગાંધીનગર | ૯૦૮ | ૩૫ | ૬૫૧ |
| કચ્છ | ૨૫૨ | ૦૭ | ૧૫૩ |
| મહેસાણા | ૪૬૧ | ૧૪ | ૧૯૭ |
| ગીર-સોમનાથ | ૧૩૨ | ૦૧ | ૫૦ |
| પોરબંદર | ૨૮ | ૦૨ | ૧૯ |
| પંચમહાલ | ૨૪૯ | ૧૬ | ૧૮૪ |
| પાટણ | ૨૮૬ | ૧૯ | ૧૯૪ |
| છોટાઉદેપુર | ૮૨ | ૦૨ | ૫૫ |
| જામનગર | ૩૬૨ | ૦૯ | ૧૯૬ |
| મોરબી | ૯૫ | ૦૪ | ૩૮ |
| સાબરકાંઠા | ૨૫૭ | ૦૮ | ૧૭૨ |
| આણંદ | ૩૦૭ | ૧૩ | ૨૬૧ |
| દાહોદ | ૧૫૨ | ૦૨ | ૫૫ |
| ભરૂચ | ૪૪૦ | ૧૧ | ૨૪૬ |
| બનાસકાંઠા | ૩૪૮ | ૧૪ | ૨૨૭ |
| ખેડા | ૩૨૯ | ૧૪ | ૧૯૯ |
| બોટાદ | ૧૨૩ | ૦૩ | ૮૧ |
| નર્મદા | ૧૦૮ | ૦૦ | ૯૪ |
| અરવલ્લી | ૨૫૧ | ૨૪ | ૨૧૦ |
| મહીસાગર | ૧૭૭ | ૦૨ | ૧૨૭ |
| નવસારી | ૨૭૦ | ૦૨ | ૧૩૮ |
| તાપી | ૪૩ | ૦૦ | ૧૪ |
| વલસાડ | ૩૫૧ | ૦૫ | ૧૨૩ |
| જૂનાગઢ | ૩૫૮ | ૦૭ | ૧૭૧ |
| સુરેન્દ્રનગર | ૩૧૭ | ૦૮ | ૧૪૩ |
| દેવભૂમિ દ્વારકા | ૨૯ | ૦૩ | ૨૨ |
| ડાંગ | ૦૭ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૭૮ | ૦૯ | ૮૫ |
| કુલ | ૪૨૮૦૮ | ૨૦૫૭ | ૨૯૮૦૬ |



કોરાના મહામારીને લીધે સરકારે હોમ લર્નિંગ પ્રોગ્રામ અમલમા મૂક્યો છે જેમાં અરવલ્લી જિલ્લામા પણ બાળકો પોતાના ઘરે જ ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે તેમાં શિક્ષકો પણ ઘરે ઘરે જઈ માર્ગદર્શન આપી રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટે સ્કૂલ ઈન્સ્પેક્ટરને મોનીટરીંગ માટેના આદેશ કરાયા છે ત્યારે અરવલ્લી જિલ્લામા પણ સ્કૂલ ઈન્સ્પેક્ટર ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી જુદી જુદી શાળાઓમા જઈ ગામમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી રહ્યા છે.

# ધન્વંન્તરી રથ જે ગામમાં જવાનો હોય તેની જાણ ગામના સરપંચ-તલાટીને કરવા ડીડીઓની સૂચના

ગાંધીનગર, તા. ૧૩
જે ગામમાં ધન્વંતરી આરોગ્ય રથ જવાનો હોય તેની આગોતરી જાણ ગામના સરપંચ અને તલાટીને કરવા માટે આજરોજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને સંબંધિત અધિકારીશ્રીઓને આપી છે.

આજરોજ ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને કલોલ તાલુકાના વડસર અને છત્રાલ ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન બિલેશ્વરપુર, ધાનોટ, સૈજ, ડીંગુચા અને પાનસર ગામના સરપંચશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ મુલાકાત દરમ્યાન ગ્રામજનો સાથે થયેલ વાતને અનુસંધાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મેડિકલ ઓફિસરને ધન્વન્તરી આરોગ્ય રથ જે ગામમાં જવાનો હોય તેની જાણ આગોતરી ગામના સરપંચ અને તલાટી કમ મંત્રીને કરવી. જેથી આ અંગેની જાણ તમામ ગ્રામજનોને કરી શકાય. તેમજ ધન્વંતરી આરોગ્ય રથની સેવાનો લાભ મોટી



સંખ્યામાં ગ્રામજનો લઈ શકે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગામાં હાઉસ ટુ હાઉસ આરોગ્ય વિષયક સર્વે નિયમિત રૂપે થાય, લોકોમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન યોગ્ય રીતે થાય, તેમજ માસ્ક ફરજિયાત પહેરે તેની ખાસ તકેદારી રાખવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે તાલુકા વિકાસ અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી અને મેડિકલ ઓફિસર પણ તેમની સાથે જોડાયા હતા. તેમણે કોરોના વાયરસ સંક્રમણને અટકાવવા માટે કરવામાં આવેલી કામગીરી અને હાલની પરિસ્થિતિ અંગનો તાગ પણ મેળવ્યો હતો. તેમજ સરપંચશ્રીઓને પોતાના ગામોમાં કોરોનાનો કેસ ન નોંધાયા તે અંગેની ખાસ તકેદારી રાખવા પણ જણાવ્યું હતું.

# લર્નિંગ મટિરિયલ્સ અને વર્કશોપ્સને દરેક ભાષામાં ઉપલબ્ધ કરતું ભારતનું પહેલું લર્નિંગ પ્લેટફોર્મ

ભારત ઓનલાઈન લર્નીંગ માટેનું યુ.એસ. પછીનું દુનિયાનું બીજા નંબરનું માર્કેટ તેની માર્કેટ સાઈઝ ૨૦૨૧ સુધીમાં યુ.એસ.ડી. ૧.૯૬ બીલીયન થશે અને ૯.૬ મીલીયન યુઝર થશે.

ટ્રેઈનીંગ એન્ડ ટ્રાન્સફોર્મેશન... આ બે શબ્દોની આજે વિશ્વ આખામાં માંગ છે... માત્ર ગુજરાત જ નહી પરંતુ દેશ આખાના ઉદ્યોગકારો, તજજ્ઞો, શિક્ષણવિદો, ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી, ગ્રાફિક ડીઝાઈનર્સ કે કોર્પોરેટ કંપનીઓને આ ટ્રેઈનીંગ એન્ડ ટ્રાન્સફોર્મેશનની સાતત્યપૂર્ણ સેવા ઉપલબ્ધ કરતું 'મેટાવર્સિટી' ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ થવા જઈ રહ્યું છે. 'મેટાવર્સિટીયોર ઓન લાઈન યુનિવર્સ' એ એક ઓનલાઈન કંપની છે.

મેટામોર્ફોસીસ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સફોર્મેશન એલ.એલ.પી. એક ટ્રેઈનીંગ કન્સલ્ટન્સી અને કોચીંગની કંપની છે જે ૨૦૦ થી પણ વધુ સર્વિસીસ આ ક્ષેત્રમાં પુરી પાડી રહે છે. તેનાથી વ્યક્તિગ્ત, ઈન્ડસ્ટ્રીઝ અને બીઝનેસ લેવલે વિકાસ અને ટ્રાન્સફોર્મેશનમાં ઘણાંને ફાયદો થયો છે. અમે ૧૨૫ થી પણ વધુ ક્લાયન્ટસ સાથે સમગ્ર ભારતમં કામ કરી ચૂક્યા છીએ.

અમો ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં અમારા ક્લાયન્ટબેઈઝ વધારવા અત્યારે ફોકસ કરી રહ્યા છીએ. આવનારા ત્રણ વર્ષમાં અમે ૫૦૦ થી પણ વધુ ક્લાયન્ટસને અમારી સેવાઓ પુરી પાડીશુ.

આપણે જાણીએ છીએ એ મુજબ ભારત ઓનલાઈન લર્નીંગ માટેનું યુ.એસ. પછીનું દુનિયાનું બીજા નંબરનું માર્કેટ છે અને તેની માર્કેટ સાઈઝ ૨૦૨૧ સુધીમાં યુ.એસ.ડી. ૧.૯૬ બીલીયન થશે અને ૯.૬ મીલીયન યુઝર થશે.

## નવા ૧૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો છે. ખોરજ ગામમાં પણ ધીમી ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે. આજે તાલુકામાં નોંધાયેલા ૬ કેસમાંથી ૩ મહિલા દર્દી છે જેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. પેથાપુરથી એક ૪૫ વર્ષીય પુરૂષ, કુડાસમણાંથી એક ૩૭ વર્ષીય પુરૂષ અને વાવોલમાંથી એક ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામમાંથી અર્બન વિસ્તારમાંથી એક અને વાસણા ચૌધરી ગામેથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

માણસામાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જે બન્ને કેસ લોધાના હોવાનું જાણવા મળેલ છે. આ બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કલોલમાંથી આજે ૮ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે. બોરીસણામાં આજે ૪ કેસ મળી આવ્યા છે જેમાં એક યુવા દંપત્તિનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ધમાસણા, નાદરી ગામેથી પણ એક-એક કેસ મળી આવેલ છે. આ બધા જ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૫૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં હાલ ૧૯૯૯૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે કલોલ શહેર, છત્રાલ અને વડસરની મુલાકાત લીધી હતી. તેમણે આ વિસ્તારોના કન્ટેનમેન્ટ ઝોનની પણ મુલાકાત લીધી હતી.

## વધુ ૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજની આઈ.આઈ.ટી.માં આસિ. ઈજનેર તરીકે સેવાઓ આપતા એક ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીએ ૧૫ દિવસ પહેલાં બિહાર રાજ્યની મુલાકાત લીધી હોવાનુ જાણવા મળેલ છે. આ દર્દીના પરિવારના એક સભ્યને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. સે. ૫-સી માં રહેતી અને બાપુ નોલેજ સીટી વિલેજમાં મદદનીશ પ્રાધ્યાપિકા તરીકે નોકરી કરતી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પ્રાધ્યાપિકાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેણીનીને મંજૂરી આપી છે. મહિલા દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૬ માં આવેલ કિસાનનગરમાં રહેતી એક ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા દર્દીએ તાજેતરમાં અમદાવાદના નરોડા વિસ્તારની મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે. આ મહિલા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે અને તેના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૨૯ માં રહેતી એક ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મહિલના પરિવારના બે સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સેક્ટર-૧૦ માં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની એક મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે અંગે તંત્ર દ્વારા વિગતો મેળવવામાં આવી રહી છે.

સે. ૨૪ માં રહેતી અને શહેરની એક ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા શિક્ષિકાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૪-સી માંથી એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાના પતિ અગાઉ સંક્રમિત થયા હતા. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જેને તંત્રએ મંજૂરી આપી છે. આ મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૪-સી માંથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી હાલ કોઈ કામ કરતા નથી અને નિવૃત્ત જીવન વિતાવે છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આજે નોંધાયેલા નવ કેસમાં ૬ મહિલા દર્દીઓ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યું છે. શહેરમાં જે રીતે કેસો વધી રહ્યાં છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને જીઈબી કોલોનીમાં અને સે. ૪ માં કેસો વધી રહ્યા છે તેમજ સે. ૨૬ માંથી પણ કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા બેવડાઈ છે. શહેરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે. શહેરમાં ૩૫૦ થી વધુ લોકો હાલ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

## સૂરસુરિયું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપમાં સામેલ થઈ શકે છે. જો કે હવે સચિન પાયલોટે તમામ અટકળો પર વિરામ લગાવી દીધું છે. તેમણે સ્પષ્ટ રીતે જણાવી દીધું છે કે તેઓ ભાજપમાં સામેલ થશે નહીં. દિલ્હીનાં અન્ય સૂત્રોએ જોકે, એમ પણ કહ્યું છે કે સચિનને તેની આ ગુસ્તાખી બદલ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવી શકે છે. કોંગ્રેસમાંથી તેને બહાર કરવાની તૈયારીના ભાગરૂપે હેડક્વાર્ટર ખાતે લાગેલાં તેનાં પોસ્ટરો પણ હટાવી લેવાયાં છે.

કોંગ્રેસના મહાસચિવ પીએલ પુનિયાએ દિલ્હીમાં કહ્યુંકે, 'સચિન હવે ભાજપના થઈ ગયા છે. દરેકને ખબર છે કે કોંગ્રેસની ચૂંટેલી સરકારો પ્રત્યે ભાજપનું વલણ કેવું છે. અમારે ભાજપ પાસેથી કોઈ સર્ટિફિકેટની જરૂર નથી. કોંગ્રેસમાં તમામ નેતાઓ અને કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવે છેલ્ર આ સાથે જ જયપુરમાં કોંગ્રેસ મુખ્યાલયમાં પાયલટના પોસ્ટર હટાવી દેવાયા છે. કેટલાંક સૂત્રોના જણાવ્યા અનુસાર સચિન તેમના સાથીઓ સાથે નવી પાર્ટી બનાવી શકે છે. પાયલટ નવી પાર્ટીની જાહેરાત પણ કરી શકે છે. જેનું નામ 'પ્રગતિશીલ કોંગ્રેસ' હોવાની ચર્ચા ચાલી રહી છે.

## મંદિર પર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પદ્મનાભસ્વામી મંદિરના મેનેજમેન્ટની જવાબદારી ત્રાવણકોરના પૂર્વ શાહી પરિવારને આપવામાં આવશે. તેની સાથે જ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તિરુવનંતપુરમના જિલ્લા જજની અધ્યક્ષતાવાળી કમિટી હલા મંદિરની વ્યવસ્થા જોશે. નોંધનીય છે કે, કેરળ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૧માં પદ્મનાભસ્વામી મંદિરના અધિકાર અને સંપત્તિને લઈ મોટો ચુકાદો આપતા તેની પર રાજ્ય સરકારનો અધિકાર ગણાવ્યો હતો.

કેરળ હાઈકોર્ટના ચુકાદાને પૂર્વ ત્રાવણકોરર શાહી પરિવારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આ મામલામાં સુપ્રીમ કોર્ટમાં ૮ વર્ષથી વધુ સમય સુધી સુનાવણી થઈ. આ મામલામાં એપ્રિલમાં સુનાવણી બાદ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની બેન્ચે ચુકાદો સુરક્ષિત રાખી લીધો હતો.

## રોકાણ કરશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી રહ્યો છે. પિચાઈએ કહ્યું કે માત્ર બે અઠવાડિયામાં જ ગૂગલ પે દ્વારા પીએમ કેર્સ ફંડમાં ૧૨૦ કરોડ રૂપિયા જમા થયા છે. પિચાઈએ કહ્યું કે ભારતમાં ૨૬ કરોડ નાના અને મધ્યમ ઉદ્યોગો ગૂગલ પર શોધી શકાય છે. સંદેશાવ્યવહાર, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી પ્રધાન રવિશંકરે આ કાર્યક્રમમાં કહ્યું હતું કે ભારતમાં એપ્લિકેશન ડેવલપમેન્ટનું બજાર વધુ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતમાં ઘણી એપ્લિકેશન ડાઉનલોડ થાય છે, પરંતુ હવે એપ્સ અપલોડ કરવાનો સમય છે.

## મહત્વની બેઠક...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજની આ બેઠકમાં સરકારી નિધિમાં અત્યાર સુધીમાં મળેલ રકમ અને નિધિનો વપરાશ કયા હેડ નીચે ક્યાં કરાયો તેવા મુદ્દાઓ ચર્ચાઓમાં આવે તેવી સંભાવના છે.

આ ઉપરાંત બાંધકામ વિભાગ દ્વારા નાની તિજોરીઓની ખરીદી અંગેની દરખાસ્ત પણ રજુ કરવામાં આવી છે તે અંગે પણ ચર્ચા-વિચારણા કરી નિર્ણય કરાશે.

## ખાસ બેઠક...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં કમિશનર દ્વારા છેલ્લી પાંચ સ્થાયી સમિતિની બેઠકની ગેરહાજરી તેમજ સ્થાયી સમિતિને અધુરી વિગતો આપવાની બાબત પણ ચર્ચામાં આવશે.

શહેરમાં ચોમાસુ માથે છે ત્યારે બાયોલોજીસ્ટની જગ્યા સરકારે એક વર્ષ થયુ તેને રદ કર્યાની વાત પછી તંત્રએ લીધેલા પગલાં તેમજ સરકારમાં કરેલી રજુઆતો ઉપરાંત શહેરના પડતર પ્રશ્નો રાજ્યકક્ષાએ કઈ સ્થિતિમાં છે તેને લઈ પણ ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

## રહીશોને નોટીસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં જુના અને જોખમી મકાનો ખાલી કરાવવા માટે તંત્ર હવે હરકતમાં આવ્યુ છે. જુના આવસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ ધ્યાને આવ્યા બાદ પણ રહીશો મકાન ખાલી કરતા નથી. જેના લીધે તંત્રના અધિકારીઓનો શિરદર્દ વધ્યો છે.

હવે તંત્ર કક્ષાએથી આવાસો ખાલી ન કરતા હોય તેવા રહીશોને નોટીસ આપવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. સે-૬ માં પણ જ કક્ષાના જોખમી આવસો ખાલી કરી દેવા માટે તંત્રએ નોટીસ આપવાનુ શરૂ કરી દીધુ છે. થોડા દિવસો પુર્વે આવેલા ધરતીકંપના અંતે પણ સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા માટે તંત્ર હરકતમાં આવ્યુ હતુ જયારે જોખમી સરકારી આવાસોને વસવાટ મુકત કરવા માટે પણ તંત્રએ નોટીસ આપી મકાનો ખાલી કરાવવા માટે પણ કડક કાર્યવાહી શરૂ કરી છે.

## રિલાયન્સે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેલિકોમ આર્મ જિયો પ્લેટફોર્મ્સ માટે વધુ એક મોટી ડીલ કરી છે. વાયરલેસ ટેકનોલોજીસ સેક્ટરની દિગ્ગજ કંપની ક્વાલકૉમ ઈનકોર્પોરેટેડની ઈન્વેસ્ટમેન્ટ કંપની ક્વાલકૉમ વેન્ચર્સે જિયોમાં ૭૩૦ કરોડ રૂપિયાના રોકાણ કરવાની જાહેરાત કરી છે. આ ડીલના બદલે ક્વાલકૉમ વેન્ચર્સને જિયોમાં ૦.૧૫ ટકા હિસ્સેદારી મળશે.

આ ડીલ માટે જિયોની ઈક્વિટી વેલ્યૂ ૪.૯૧ લાખ કરોડ રૂપિયા જ્યારે એન્ટરપ્રાઈઝિસ વેલ્યૂ ૫.૧૬ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. ૧૨ સપ્તાહની અંદર જિયો પ્લેટફોર્મ્સમાં આ તેરમું રોકાણ છે.

૧૨ સપ્તાહમાં જીયો પ્લેટફોર્મ્સે ૨૫.૨૪ ટકા ભાગીદારી થકી હવે ૧,૧૮,૩૧૮.૪૫ કરોડ રૂપિયા એકઠાં કર્યાની જાહેરાત કરી છે. જેમાં દુનિયાના કેટલાક પ્રમુખ ટેક ઈન્વેસ્ટર્સ સામેલ છે.